# શહેરમાં વહેલી સવારે હળવુ ઝાપટુ

## વરસાદી ઝાપટાથી સવારે ઠંડક : દિવસ દરમિયાન આકરા તાપ વચ્ચે ગરમી અને ઉકળાટથી નગરજનો પરેશાન



ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં ગરમીની મોસમ નિખરી છે. ત્યારે આકરી ગરમી વચ્ચે વાતાવરણમાં વારંવાર પલ્ટો જોવા મળી રહ્યો છે. વરસાદી વાવાઝોડાના લીધે પણ થોડા દિવસો અગાઉ સતત વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. તોફાની પવન અને વરસાદથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. જયારે આજે પણ વહેલી સવારે અચાનક જ વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો. વરસાદી વાયરા વચ્ચે આકાશી નઝારો બદલાયો હતો. ગાજવીજ સાથે સેકટરોમાં હળવા ભારે વરસાદી ઝાપટા વરસ્યા હતા. જો કે વાતાવરણ પલ્ટાના અંતે દિવસ દરમિયાન આકરા તાપ અને ઉકળાટથી નગરજનો પરેશાન બન્યા હતા.

ગાંધીનગરમાં આકરા ઉનાળે વારંવાર મોસમનો મિજાજ બદલાય છે. અગાઉ પણ વરસાદી વાવાઝોડાના લીધે બે દિવસ સુધી સતત વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. જયારે આકરી ગરમીની મોસમ નિખરવાની સાથે વારંવાર આકાશી નઝારો બદલાય છે. અવારનવાર વરસાદ વરસાદી ઝાપટા ચોમાસુ નજીકમાં હોવાનો અહેસાસ નગરજનો કરાવી જાય છે. આજે વહેલી સવારે પણ અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. ગઈકાલની આકરી ગરમી બાદ સવારના સમયે વાતાવરણ બદલાયુ હતુ. આકાશમાં કાળા ડીંબાંગ વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા જયારે ગાજવીજ સાથે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. જેના લીધે શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટાથી નગરમાં ભીની માટીની મહેંક પ્રસરી હતી. જયારે કેટલાક સેકટરોમાં હળવુ અને કેટલાક ઠેકાણે બે ઘડી જોરદાર ઝાપટુ વરસતા ઠેર ઠેર પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. તો કેટલાક સેકટરોમાં આ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી ન હતી. વહેલી સવારે અચાનક જ વાતાવરણમાં બદલાવ આવતા દિવસ દરમિયાન મોસમ પલ્ટો નગરજનોમાં ચર્ચાનો વિષય રહ્યો હતો. પ્રિ મોન્સુન એકટીવીટીના ભાગરૂપે વરસાદી વાયરો ફુંકાયો હતો. જો કે થોડીવારમાં જ વાતાવરણ ચોખ્ખુ થઈ ગયુ હતુ. દિવસ દરમિયાન આકરા તાપ વચ્ચે નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રી રહ્યુ હતુ.

# જિલ્લામાં કોરોનાના ૧૪ કેસ નોંધાયા

### દહેગામમાં બે, માણસા-કલોલમાં ૧-૧ કેસ : શહેરમાં પેથાપુરમાં 3, ઈન્ફોસીટીમાં બે કેસ સહિત ૧૦ કેસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૧૪ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં ૧૦ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ ઝડપથી ઘટી રહ્યુ હોવાથી તેમજ રિકવરી રેટમાં સતત સુધારો થઈ રહ્યો છે. તંત્રએ રાહત અનુભવી છે. તંત્રએ હવે તેનુ ધ્યાન વેક્સિનેશન પર કેન્દ્રિત કર્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૪ કેસમાં બે કેસ દહેગામમાં તેમજ કલોલ અને માણસામાં ૧-૧ કેસ નોંધાયો છે. આજે નોંધાયેલા કેસમાં બે મહિલા દર્દી અને બે ખેડૂત છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકામાં ટીમ્બાની મુવાડી અને કડજોદરા ખાતેથી કેસ મળી આવેલ છે જ્યારે કલોલમાં છત્રાલ અને માણસાના અનોડિયામાંથી કેસો મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ૯૩૫૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાની આપદામાં ઉમેદવારનું અવસાન થયુ હોય તો ખરાઈ કરી રિપોર્ટ આપો : કલેક્ટર

### ચૂંટણી અધિકારીઓ તરફથી અહેવાલ મળી ગયા બાદ તે અંગેનો અહેવાલ ચૂંટણી પંચને મોકલવામાં આવશે અને પંચ તે અંગેનો નિર્ણય કરશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ યોજવી કે પછી કેટલાક વોર્ડની જ ચૂંટણી યોજવી તેને લઈ તંત્ર અસમંજસની સ્થિતિમાં છે.

જિલ્લા કલેકટરે આજે મનપાના ચૂંટણી અધિકારીઓને કોરોનાની વિપદામાં જો કોઈ ઉમેદવારનું મૃત્યુ થયુ હોય તો તેની ખરાઈ કરી અને તે અંગેનો અહેવાલ આપવા જણાવ્યુ છે.

જિલ્લા કલેકટરે જો ઉમેદવારનું મૃત્યુ થયુ હોય તો ત્યાં મતદાન મોકુફ રાખવાની કામગીરી કરવી પડે ? પંચે તેના ચૂંટણીઓ મુલ્તવી રાખવાના આદેશમાં પણ કેટલીક વાતો કહી છે તે જોઈ જવા જણાવ્યુ છે. જો કોઈ ઉમેદવારનું મૃત્યુ થયુ હોય તો આ વોર્ડમાં નવેસરથી કાર્યવાહી કરવાની થાય.

તેમણે રાજ્ય ચૂંટણી પંચે આ સંદર્ભે વિગતવાર અહેવાલ માંગ્યો હોવાથી સત્વરે તે મોકલી આપવા પણ જણાવ્યુ છે.

કોરોનાને કારણે મનપાના ૩ ઉમેદવારોનું દુઃખદ અવસાન થયુ છે. વોર્ડ નં. ૧, ૮ અને ૯ માં ઉમેદવારનું અવસાન થયુ છે. વોર્ડ નં. ૮ અને ૯ માં રાષ્ટ્રીય કક્ષાએ નોંધાયેલા પક્ષના ઉમેદવારનું અને વોર્ડ નં. ૧ માં અપક્ષ ઉમેદવારનું કોરોનાને કારણે દુઃખદ અવસાન થયેલ છે.

ચૂંટણી અધિકારીઓ તરફથી અહેવાલ મળી ગયા બાદ તે અંગેનો અહેવાલ ચૂંટણી પંચને મોકલવામાં આવશે અને પંચ તે અંગેનો નિર્ણય કરશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જો કે સામાન્ય ચૂંટણી હોવાથી અને નવુ સીમાંકન પણ હોવાથી ચૂંટણી પ્રક્રિયા માટે કેવી રીતે આગળ વધવુ તે અંગે ચૂંટણી પંચના માર્ગદર્શન પછી જ જે તે નિર્ણય કરવામાં આવશે.

બીજી તરફ ચૂંટણી પંચ તરફથી મતદાનની તારીખ જાહેર કરતાં પહેલાં પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા અને ઉમેદવારોના અવસાન થયા હોય તો નવેસરથી પ્રક્રિયા હાથ ધરવી કે કેમ તે અંગેનો નિર્ણય કરશે.

# મોદી-શાહનો વિરોધ કરનારા સક્રિય થયા છે પણ ભાજપ આ વિરોધને તેની સકારાત્મકતાથી આપશે : રજની પટેલ

ગાંધીનગર, તા. ૩

મોદીનો વિરોધ કરનારા લોકો થોડાક સમયથી સક્રિય થયા છે અને જનતાને ભડકાવવાનું કામ કરી રહ્યા છે પણ ભાજપનો કાર્યકર્તા પ્રજાની પડખે છે અને રહેશે. આવા તત્વોને આપણે નાથવાને છે અને મોદીના લોકકલ્યાણના કાર્યોથી લોકોને જાગૃત કરી છેવાડાના માનવી સુધી તે યોજનાઓનો લાભ પહોંચે તે જોવુ પડશે તેમ ભાજપના પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલે આજે જણાવ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ તરીકે અનિલભાઈ પટેલે આજે ચાર્જ સંભાળ્યો તે પછી યોજાયેલ અભિવાદન સમારોહમાં બોલતા પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સતત લોકસંપર્ક અને સતત જનહિતની જ વાત. વિકાસના મંત્ર સાથે આગળ વધીશુ સૌનો સાથ અને સૌનો વિકાસ ચરિચાર્થ કરવા આજે આપણે કટિબદ્ધ બનીએ.

આ પ્રસંગે વિદાય લેતા




પ્રમુખ નૌલેષ શાહે કાર્યકરોની મહેનત જે રંગ લાવી છે તે વાતને વાગોળી અને ત્રણ-ત્રણ મુખ્યમંત્રીઓએ તેમના કાર્યકાળમાં ગાંધીનગર માટે સેવેલા સપનાઓને સાકાર કરવા માટે કાર્યકરોને બિરદાવ્યા હતા.

નવ નિયુક્ત અનિલભાઈ પટેલે જણાવ્યુ હતુ કે અમારી સામે પહેલાં ગાંધીનગર મનપામાં સ્પષ્ટ બહુમતિ સાથેનો વિજય અને પછી વિધાનસભાની પાંચેય બેઠક પર ભાજપનો વિજય એ લક્ષ્ય છે. તેમણે સૌ કાર્યકરોને ખભેખભા મિલાવી કામ કરીશુ તેવી ખાત્રી આપી હતી.

આ પ્રસંગે પ્રભારી ડૉ. હર્ષદભાઈ પટેલ, પંકજભાઈ ચૌધરી, સાંસદો એચ.એસ. પટેલ, શારદાબેન પટેલ, ધારાસભ્યો બલરાજસિંહ ચૌહાણ, શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યો પૂનમભાઈ મકવાણા, અશોકભાઈ પટેલ, અમીતભાઈ ચૌધરી, પ્રદેશ હોદ્દેદારો અરૂણાબેન ચૌધરી, નાઝાભાઈ ધાંધર, શહેર પ્રમુખ રૂચિર ભટ્ટ, ગુણવંતભાઈ બારોટ, સુમેરૂભાઈ અમીન, નાથુભાઈ ચૌધરી, જયેશભાઈ એમ. પટેલ, ડી.ડી. પટેલ સહિત વિવિધ આગેવાનો હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન આઈ.બી. વાઘેલાએ કર્યુ હતુ. અલ્પાહાર અને અભિવાદન દરમ્યાન કાર્યકરો સોશ્યલ ડિસ્ટન્સીંગ ભૂલ્યા હતા જો કે આગેવાનોએ તે જાળવવા વારંવાર અપીલ કરી હતી પણ તે કાર્યકરોએ ધ્યાને લીધી ન હતી.

# ધો.૧૦ની માર્કશીટ જૂનના બીજા સપ્તાહમાં મળશે

ગાંધીનગર, તા. ૩

કોરોનાને કારણે વારંવાર બોર્ડની તારીખો જાહેર કર્યા બાદ આખરે કેન્દ્ર સરકારના આદેશ પછી રાજ્યના શિક્ષણ વિભાગે પણ ધોરણ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા રદ્દ કરવાનો નિર્ણય કર્યો છે.

વિદ્યાર્થીઓને ધોરણ ૯ સામાયિક કસોટીમાંથી ગુણ અપાશે. ૫૦ ગુણમાંથી મેળવેલા ગુણને ૪૦ ટકામાં રૂપાંતરિત કરવામાં આવશે. પ્રથમ અને દ્વિતિય સામયિક કસોટીના ૪૦ ગુણમાંથી રૂપાંતરિત કરવામાં આવશે. શાળાકીય કસોટીઓ આધારિત મૂલ્યાંકનના ૮૦ અને શાળાના આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ મળશે. ધોરણ ૧૦ની એકમ કસોટીના ગુણ ધ્યાનમાં લેવામાં આવશે તથા જૂનના બીજા અઠવાડિયામાં માર્કશીટ અને પ્રમાણપત્ર મળશે.


## Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH 2021**

(Rs. in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | | Consolidated Results | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 31.03.2021 (Audited) | Year ended 31.03.2021 (Audited) | Quarter ended 31.03.2020 (Audited) | Quarter ended 31.03.2021 (Audited) | Year ended 31.03.2021 (Audited) | Quarter ended 31.03.2020 (Audited) |
| 1 | Total Income from Operations(net) | 47,112.98 | 2,14,869.07 | 59,960.80 | 3,85,249.35 | 11,81,713.50 | 3,23,226.74 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 28,325.25 | 1,24,668.62 | 28,333.06 | 74,831.38 | 2,89,710.28 | 59,870.64 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax)) | 28,325.25 | 1,24,668.62 | 28,333.06 | 77,039.31 | 2,93,559.49 | 59,842.73 |
| 4 | Net Profit/(Loss) for the period after tax and Exceptional items before discontinued operations | 20,791.20 | 93,068.55 | 22,849.27 | 57,750.58 | 2,19,241.26 | 49,767.27 |
| 5 | Net Profit/(Loss) for the period after tax from Discontinued Operations | (165.66) | (644.22) | (289.33) | - | - | - |
| 6 | Net Profit/(Loss) for the period after tax from Continuing and Discontinued Operations | 20,625.55 | 92,424.33 | 22,559.94 | 57,750.58 | 2,19,241.26 | 49,767.27 |
| 7 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 21,755.99 | 93,447.70 | 22,454.02 | 59,200.01 | 2,20,532.31 | 49,709.49 |
| 8 | Equity Share Capital(face value of Rs. 10/- each) | 56,421.14 | 56,421.14 | 56,410.12 | 56,421.14 | 56,421.14 | 56,410.12 |
| 9 | Reserves(excluding Revaluation Reserve as shown in Balance Sheet) | - | 6,98,078.94 | - | - | 5,82,656.22 | - |
| 10 | Earnings per share(EPS) a) Basic EPS( Rs.) b) Diluted EPS( Rs.) (face value of Rs. 10/- each) | 3.66 3.66 | 16.38 16.38 | 4.00 4.00 | 7.39 7.39 | 28.48 28.48 | 6.79 6.79 |

**Notes: 1.** The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com). **2.** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 3rd June, 2021. **3.** The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 3rd June, 2021

For and on behalf of Gujarat State Petronet Limited
Anil Mukim, IAS
Chairman & Managing Director


# તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન સામે અવિશ્વાસની દરખાસ્ત

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કારોબારી સમિતિના ચેરમેન સામે અવિશ્વાસની દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારીને મળતાં તાલુકા અને જિલ્લા કોંગ્રેસના રાજકારણમાં વધુ એક ગરમાવો આવ્યો છે.

સભ્યોની આંતરિક જૂથબંધી વધતાં તાલુકામાં કોઈ સમિતિના ચેરમેન સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ થઈ હોય તેવી આ પ્રથમ ઘટના તાલુકા પંચાયતમાં બની છે.

તાલુકા અને જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ આ સમાચાર મળતાં જ મૌન ધારણ કરી લીધુ છે. જો કે બધુ શમી જશે તેવા વિશ્વાસનો સંકેત પણ આપી રહ્યા છે. કોંગ્રેસે ૮ વર્ષ પછી સત્તા મેળવી છે પણ કોંગ્રેસની આંતરિક જૂથબંધી જ તેને ડુબાડશે તેવી વાતો રાજકીય વર્તુળોમાં શરૂ થઈ ગઈ છે.

# વિદ્યાર્થીઓ અને વાલીઓનો એક જ સુર 'જાન હે તો જહાન હે...'

### વિદ્યાર્થીઓ નીટ અને જેઇઇની તૈયારીમાં ફોક્સ કરે : તજજ્ઞો : આગળ અભ્યાસક્રમમાં હોંશિયાર અને ગરીબ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે અનિવાર્ય.. વિદ્યાર્થીઓ માસ પ્રમોશનવાળા તરીકે ન ઓળખાય... તે પણ જરૂરી

ગાંધીનગર તા ૩

કોરોનાની બીજી ઘાતક લહેર અનેક માટે જીવલેણ પુરવાર થઈ છે. જયારે હાલ કોરોનાનુ સંક્રમણ ધીમે ધીમે કાબુમાં આવી રહ્યુ છે. પરંતુ સંક્રમણનો ફેલાવો વધે નહી તે માટે પ્રત્યેક નાગરિક હવે વધુ સજાગ છે. ત્યારે સરકારે પણ કેટલાક મહત્વના નિર્ણય લીધા છે. ધો -૧૦ ના વિદ્યાર્થીઆને માસ પ્રમોશન સાથે ધો -૧૨ ની પરીક્ષા પણ રદ કરવામાં આવી છે. જેની સામે વિદ્યાર્થીઓ ,વાલીઓ અને શિક્ષણ જગતના અગ્રણીઓએ પણ તેમના મંતવ્યો રજુ કર્યા છે. જો કે તેમના મતે પરીક્ષા રદ થયા બાદ હવે વિદ્યાર્થીઓએ નીટ તેમજ જે ઇ ઇ ની પરીક્ષાની તૈયારીમાં લાગી જવુ જોઇએ. કપરા સંજોગોમાં પરીક્ષા રદ કરવાનો નિર્ણય આવકારદાયક છે. ત્યારે ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા.. જેવી સ્થિતિ ન થાય અને આગળના અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રીયા સહીતની બાબતે ઝડપથી યોગ્ય સ્પષ્ટતા થાય તે પણ અનિવાર્ય છે.

વૈશ્વિક મહામારીના સંજોગોમાં શાળાઓ ઓફલાઈન કાર્યરત રહી નથી ત્યારે ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા રદ કરવાનો નિર્ણય આવકારદાયક



છે. કોઇપણ માતા પિતા માટે બાળક મહત્વનુ હોય છે. જાન હે તો જહાન હે.. બીજીતરફ હોંશિયાર વિદ્યાર્થીઓને માસ પ્રમોશનના લીધે ટોપર બનવાની આશા રોળાઇ ગઇ છે. ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા જેવી સ્થિતિ ન થાય અને આગળના અભ્યાસક્રમના પ્રવેશ અંગે પણ યોગ્ય નિર્ણય લેવાય તે માટે પણ વિદ્યાર્થીઓ ઉત્સુક છે.ધો -૧૨ની પરીક્ષા રદ થતા જે ઇ ઇ અને નીટ સિવાયના અભ્યાસક્રમમાં પ્રવેશ અંગે સમસ્યાઓ ન થાય તેની વિશેષ તકેદારી રાખવી પડશે. વિદ્યાર્થીઓનો ઘસારો રહેવાથી અમુક વર્ગો વધારવા પડશે. જયારે સ્ટાફ પણ વધારવો પડશે. નીર -ક્ષીર તફાવત માસ પ્રમોશનમાં નહી રહેવાથી વિજ્ઞાન પ્રવાહમાં નિષ્ફળ રહેનારા વિદ્યાર્થીઓનુ પ્રમાણ જોવા મળશે. પરંતુ આ માટે યોગ્ય આયોજન અને શિક્ષણની સાથે આ સમસ્યાઓ હલ થઇ શકશે. કોરોનાનુ સંક્રમણ વિદ્યાર્થીઓ માટે જોખમી ન બને તે માટે સરકારનો આ નિર્ણય આવકાર્ય છે.

**ડો ચેતના બુચ**
આચાર્ય સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલ

કોરોનાના કપરા કાળમાં રાજય સરકારે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા રદ કરી તે આવકારદાયક છે. કેમ કે આ પરીક્ષા રદ થતા જે ઇ ઇ અને નીટની



પરીક્ષાની તૈયારી વિદ્યાર્થીઓ વધુ અસરકારક રીતે કરી શકશે. પરંતુ બીજીતરફ જે કોર્ષમાં ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના આધારે પ્રવેશ મળે છે તે અંગે વિદ્યાર્થીઓ હજુ અવઢવમાં છે. સરકાર ઝડપથી આ મામલે કોઇ નિર્ણય જાહેર કરી વિદ્યાર્થીઓ અને વાલીઓની મુંઝવણ દુર કરે તે પણ અનિવાર્ય છે. જે વિદ્યાર્થીઓના ઘરમાં કોરોનાની મહામારીની અસર વધુ થઇ છે. તેવા વિદ્યાર્થીઓની માનસિક હાલત સમજીને તેમજ ભવિષ્યમાં કોરોનાનુ સંક્રમણ વધુ ન ફેલાય તેની તકેદારીરૂપે સરકારે જે નિર્ણય લીધો તે આવકારદાયક છે. ત્યારે આ તબક્કે વિદ્યાર્થીઓએ જે ઇ ઇ અને નીટની પરીક્ષાની તૈયારી ચાલુ રાખવી જોઇએ આ ઉપરાંત શિક્ષકોએ પણ માર્ગદર્શન આપતા રહેવુ જોઇએ.

**બળવંતસિંહ રાજપુત**
ડિરેક્ટર કિશોર ઇન્સ્ટીટ્યુટ

મહામારીને ધ્યાનમાં રાખીને સરકારે નિર્ણય લીધો તે યોગ્ય છે. જેઇઇ અન નીટ દ્વારા પ્રતિષ્ઠીત કોલેજોમાં પ્રવેશ મળી શકે છે. આમછતા સરકારે બીજા નિર્ણયલો લઇને વિદ્યાર્થીઓ અને વાલીઓની મુંઝવણ દુર કરવી જોઇએ. ગુજરાતના



વિદ્યાર્થીઓનો કોલેજમાં પ્રવેશ કઇ રીતે મળશે તેમજ જયારે કેટલા ટકા સીટો રાજયના વિદ્યાર્થીઓ માટે આરક્ષિત રહેશે તે અંગે પણ જાહેરાત થવી જોઇએ. વિદ્યાર્થીઓ ભય , ચિંતામુકત બની મહેનત ચાલુ રાખવી જોઇએ. હાલની સ્થિતિને ધ્યાને લઇ સરકારે લીધેલો નિર્ણય ખરેખર યોગ્ય છે.

**માહીન ગાંધર્વ - વિદ્યાર્થી**



છેલ્લા ઘણાં સમયથી વિદ્યાર્થીઓ અસમંજસમાં હતા આખરે સરકારે પરીક્ષા રદ કરવાની જાહેરાત કરતા વિદ્યાર્થીઓની મુંઝવણ દુર થઇ છે. આમ પણ મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે બોર્ડનુ કોઇ મહત્વ ન હતુ. તે માટે નીટની પરીક્ષા જ મહત્વની છે. જયારે હવે નીટના વિદ્યાર્થીઓ પરીક્ષા માટે વધુ સારી રીતે તૈયારી કરી શકશે. ધો -૧૨ ના વિદ્યાર્થી તરીકે સરકારના આ નિર્ણયને હું આવકારુ છે. જયારે શિક્ષકોના સહયોગથી નીટની તૈયારી કરીશે

**જયદીપ અમીન**
સે-૨૩ સ્વામિનારાયણ સ્કુલ

કોરોનાના કપરા સમયમાં સરકારે પરીક્ષા રદ કરી તે



આવકારદાયક જયારે જે ઇઇ અને નીટની તૈયારી માટે આ સુવર્ણ તક છે. મેડીકલ અને ઇજનેરીમાં પ્રવેશ માત્ર આ બે પરીક્ષા પર જ આધારિત છે. પરંતુ ઘણાં પેરામેડિકલ કોર્ષ જે સંપુર્ણ બોર્ડ પરીક્ષા આધારિત છે. તે વિદ્યાર્થીઓના ભવિષ્ય અંગે ઘણી મુંઝવણ છે. અને વાલીઓ પણ ચિંતાતુર છે. સરકાર આ વિષય અંગે ટુંકમાં જ સ્પષ્ટતા કરે તેવી સરકારને દરખાસ્ત છે. વિદ્યાર્થીઓએ આ તકનો લાભ લઇ જરૂરી તૈયારીમાં લાગી જવુ જોઇએ.

**અનુજ બારોટ**
એમ બી બી એસ વિદ્યાર્થી બી જે મેડિકલ

કેન્દ્ર સરકારે સી બી એસ સીની પરીક્ષા રદ



કર્યા બાદ રાજય સરકારે પણ આ વિદ્યાર્થીઓના હીતમાં નિર્ણય લીધો છે. આમ પણ નીટના વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરીક્ષાનુ વધુ મહત્તવ હોતુ નથી. વિદ્યાર્થીઓ માટે સરકારે લીધેલો આ નિર્ણય સંપુર્ણ યોગ્ય છે. નીટની પરીક્ષા માટે વધુ સારી રીતે તૈયારી કરીશુ

**રૂદ્રા અનિલકુમાર દેસાઇ**

નીટ અને જે ઇઇ ના વિદ્યાર્થીઓને કોઇ નુકશાન નહીં થાય પરંતુ બોર્ડ પરીક્ષાના આધારે



અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ લેવાનો હોય તે અસમંજસમાં છે. જો કે વિદ્યાર્થીઓની તંદુરસ્તીને અનુલક્ષી આ નિર્ણય આવકારદાયક છે. પરંતુ આગળ જતા આ વિદ્યાર્થીઓ માસ પ્રમોશનવાળા તરીકે ઓળખાશે તે વાત પણ ખટકે છે. પંરતુ પરિસ્થિતિને સ્વીકારવા સિવાય અન્ય કોઇ વિકલ્પ નથી ઘણાં વિદ્યાર્થીઓએ માતા પિતા પણ ગુમાવ્યા છે. તે વિદ્યાર્થીઓની મનોદશા પણ દુખદાયક છે. આવા સંજોગોમાં પરીક્ષા રદ કરી તે નિર્ણય યોગ્ય છે.

**આશાબેન પ્રજાપતિ - વાલી**

પરીક્ષા રદ કરી છે. વિદ્યાર્થી તરીકે વિચારીએ તો દોઢ બે વર્ષ મહેનત કરી છે. તેમના માટે અફસોસ કરવા જેવી વાત છે. સરકાર પ્રોટેકશન સાથે પરીક્ષા લેવાની તૈયારી દાખવે તો



વિદ્યાર્થીઓ હોંશે હોંશે પરીક્ષા આપશે. નીટની પરીક્ષા લેવી જ પડશે તે મુજબ આ પરીક્ષા પણ લઇ શકાય વિદેશ જતા વિદ્યાર્થીઓ માટે આ મહત્વની બાબત છે. મુખ્ય વિષયની પરીક્ષા લઇ શકાય તે પણ ૫૦ ગુણની જો આ પણ શક્ય ન હોય તો વાઇવા બેઇઝ પરીક્ષા પણ લઇ શકાય . જો કે ગ્રામ્ય વિસ્તારમાં નેટવર્ક અને સુવિધાનો અભાવ હોય ત્યારે આ વાત સરકાર માટે ચેલેન્જરૂપ છે. પરંતુ વાઇવાબેઇઝ ઇવોલ્યુએશન થઇ શકે છે. આમાં તો ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા થઇ જશે. હોંશિયાર વિદ્યાર્થીઓને પણ અન્યાય થવાની સંભાવાના છે. આગળના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ગરીબ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે પણ જરૂરી છે.

**અશ્વિનકુમાર પટેલ - વાલી**

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટયૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com